## સિંહના સંરક્ષણ અને સંભાળ માટે ખર્ચ

*** 15/4/1215 શ્રી અમિત ચાવડા (આંકલાવ): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ગીર અને બૃહદ ગીર વિસ્તારમાં સિંહના સંરક્ષણ અને સંભાળ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) | (નીચે કોષ્ટક) |

| વર્ષ | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ | ૧૧૫૩૦.૫૧ |
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૧૬૨૬૨.૬૯ |

(૨) ઉક્ત વર્ષવાર ઉક્ત વિસ્તારમાં સિંહ, સિંહણ અને સિંહબાળના મૃત્યુ કુદરતી થયા અને કેટલા અકુદરતી મૃત્યુ થયા, અને

(૨)

| | | વર્ષ | |
|---|---|---|---|
| | | **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨** | **તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩** |
| કુદરતી | સિંહ | ૧૮ | ૨૫ |
| | સિંહણ | ૨૫ | ૧૮ |
| | સિંહબાળ | ૫૬ | ૬૨ |
| | વણ ઓળખાયેલ | ૫ | ૦ |
| અકુદરતી | સિંહ | ૩ | ૬ |
| | સિંહણ | ૪ | ૮ |
| | સિંહબાળ | ૬ | ૨ |
| | વણ ઓળખાયેલ | ૦ | ૦ |

(૩) ઉક્ત સ્થિતિએ અકુદરતી રીતે ઉક્ત પ્રાણીઓના મૃત્યુને રોકવા સરકારે શા પગલા લીધા?

(૩)
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓને બિમારી અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની નિમણૂંક કરવામાં આવેલ છે.
- વન વિભાગ દ્વારા સિંહોના અવર–જવર વાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્યપ્રાણી મિત્રોની નિમણુંક કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણીઓના રેસ્ક્યુ માટે રેપિડ એક્શન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે.
- જુદા જુદા સ્થળોએ વન્યપ્રાણી સારવાર કેંદ્રોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- અભ્યારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવેલ છે.
- લોકજાગૃતિના ભાગરુપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો પર સાઇન બોર્ડ મુકવામાં આવેલા છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યાના કેસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ ગુનેગારોની સામે નામ. કોર્ટમાં કેસ કરવામાં આવે છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઇટ પેટ્રોલિંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વગેરે ફાળવવામાં આવેલ છે.
- સમયાંતરે પોલિસ વિભાગ, વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે.
- અકુદરતી મૃત્યુ માટે જવાબદાર એવા રેલ્વે ટ્રેક પર થતાં અકસ્માતોને ઘટાડવા માટે રેલ્વે સત્તાતંત્ર સાથે ઉચ્ચ કક્ષાએ સમયાંતરે બેઠકો

યોજીને વિસ્તૃત વિચારણાઓ કરવામાં આવે છે. આવા સંવેદનશીલ વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગ, ટ્રેનની ગતિ નિયંત્રણની સુચનાઓ (કૉશન ઓર્ડર્સ) કરવામાં આવે છે. તથા વોચ ટાવર અને સોલર લાઇટ્સ મૂકવામાં આવે છે. તેમજ રાજુલા–પીપાવાવ રેલ્વે ટ્રેકની આજુબાજુ ચેઇનલીંક ફેન્સીંગ કરવામાં આવેલ છે.

- ગીર બોર્ડર અને તેના આસપાસના રેવન્યુ વિસ્તારોમાં અસુરક્ષિત ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવાની કામગીરી વન વિભાગ દ્વારા હાથ ધરાયેલ છે.
- અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે. સક્કરબાગ તથા બરડામાં સાતવિરડા ખાતે કૉરેન્ટાઇન ઝોન બનાવવામાં આવેલ છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.
- સાસણ ખાતે હાઇટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.
- લોકજાગૃતિના કામો કરવામાં આવે છે.
- ટ્રેકર્સની નિમણુંક કરવામાં આવેલ છે.
- સ્ટાફને તાલિમ આપવામાં આવે છે.

-----------